અપીલ અરજી નં.૨૫૬ તા.૧૮–૧૧ –૧૦/૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી પિંકલ પ્રફુલચંદ્ર ઘીવાળા
સામાવાળાઃ– સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)
ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)
ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ શહેર વિકાસ)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી પિંકલ પ્રફુલચંદ્ર ઘીવાળાની ની તા.૧૨–૧૦–૧૦ ની અરજી થી મુદ્દા નં.૧ સુરત શહેરની મધ્યમાં આવેલ રીંગરોડ પર ન્યુ આદર્શ માર્કેટ–૨ ની પાછળ કુબેરજી માર્કેટ બનાવવામાં આવેલ છે. જે માર્કેટનો પ્લાન પાસ કરેલ છે. કેટલા માળ અને કેટલી દુકાન બનાવવાની પરમીશન છે અને એ કુબેરજી માર્કેટની બાંધકામની ચોકસાઈ રાખનાર અધિકારી અને મંજુર કરેલ બિલ્ડીંગ કાયદેસર બંધાયેલ છે. તે રીપોર્ટ કરનાર અધિકારીનું નામ અને હોદ્દો અને હાલ નોકરી કયાં છે તે જણાવવુ. વિ.મુદ્દા નં.૧ થી ૭ ની માહિતી આપવા બાબત.
**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૧૮–૧૧–૧૦ ની **SMC/FAP/** નં.૨૫૬/૨૦૧૦–૧૧

શ્રી પિંકલ પ્રફુલચંદ્ર ઘીવાળાની ની તા.૧૨–૧૦–૧૦ ની અરજી થી મુદ્દા નં.૧ સુરત શહેરની મધ્યમાં આવેલ રીંગરોડ પર ન્યુ આદર્શ માર્કેટ–૨ ની પાછળ કુબેરજી માર્કેટ બનાવવામાં આવેલ છે. જે માર્કેટનો પ્લાન પાસ કરેલ છે. કેટલા માળ અને કેટલી દુકાન બનાવવાની પરમીશન છે અને એ કુબેરજી માર્કેટની બાંધકામની ચોકસાઈ રાખનાર અધિકારી અને મંજુર કરેલ બિલ્ડીંગ કાયદેસર બંધાયેલ છે. તે રીપોર્ટ કરનાર અધિકારીનું નામ અને હોદ્દો અને હાલ નોકરી કયાં છે તે જણાવવુ. વિ.મુદ્દા નં.૧ થી ૭ ની માહિતી આપવા બાબતે મુદ્દા નં.૧ થી ૪ અને ૬,૭ ની માહિતી માંગ્યા મુજબ માહિતી મળેલ ન હોવાનું તેમજ જવાબ આપવામાં જ નથી આવેલ હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૮–૧૧–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા સાથે અપીલના મુદ્દા અંગે તેમનો પક્ષ પણ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૯૮૧ તા.૨૫–૧૧–૧૦ થી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) તથા જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી અરજદારનુ મુળ અરજીની નકલ, નોંધ વિભાગ અને અરજદારને આપેલી માહિતી પૂરક વિગતોમાં તેમના પત્ર નં.૧૨૧૮ તા.૩–૧૨–૧૦ સાથે તેમના પત્ર નં.સ ે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૧૩૭ તા.૧૧–૧૧–૧૦ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૩૨૮૧ તા.૧૬–૧૨–૧૦ થી અરજદારની મુળ અરજીની નકલ, કાર્યપાલક ઈજનેર વેસ્ટઝોન તરફથી વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૪૩૧ તા.૧૩–૧૦–૧૦ થી લીંબાયતઝોન, સેન્ટ્રલઝોન અને અઠવાઝોનને તબદીલ કરવામાં આવેલ પત્રની નકલ, લીંબાયતઝોન તરફથી નં.સા.ઈ.ઝોન/આરટીઆઈ/૨૭૩૪ તા.૧૮–૧૦–૧૦ થી મધ્યસ્થ શહેર વિકાસ અધિકારી તલાટીશ્રી સીટી મામલતદાર કચેરી પનાસગામને તબદીલ કરવામાં આવેલ પત્રની નકલો,, લીંબાયતઝોન તરફથી મુદ્દા નં.૩ અંશતઃ અંગે કાર્યપાલક ઈજનેર સિંચાઈ વિભાગ અઠવા લાઈન્સને તબદીલ કર્યા અંગેના પત્ર નં.૨૭૮૯ તા.૨૧–૧૦–૧૦ ની નકલ, કાર્યપાલક ઈજનેર અઠવાઝોન તરફથી નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ આ.નં.૭૯૦ તા.૧૫–૧૦–૧૦ થી મુદ્દા નં.૫ અંગે ચીફ કયુરેટર સાયન્સ સેન્ટરને તબદીલ કર્યા અંગેના પત્રની નકલ, ચીફ કયુરેટર સાયન્સ સેન્ટર તરફથી સા.સે./ આ.નં.૭૫૮ તા.૩૧–૧૦–૧૦ થી ડ્રેનેજ ઈજનેરશ્રીને મુદ્દા નં.૫ અંગે પત્ર તબદીલ કર્યા અંગેના પત્રની નકલ, ડ્રેનેજ વિભાગ તરફથી પત્ર નં.ડ્રેનેજ/આરટીઆઈ/જાવક/૩૧ તા.૨૦–૧૧–૧૦ થી લીંબાયતઝોન તથા સેન્ટ્રલઝોનને તબદીલ કર્યા અંગેના પત્રની નકલ, લીંબાયતઝોન તરફથી નં.સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૨૮૦૫ તા.૨૫–૧૦–૧૦ થી આપેલ માહિતી અંગેની નકલ અત્રેના વિભાગને મળેલ છે.

અરજદારની આઈ ડી નં.૨૮૭ તા.૧૨–૧૦–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૭ ની માહિતી માંગતી અરજી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/૯૯૦ તા.૧૪–૧૦–૧૦ થી ટાઉન પ્લાનર મધ્યસ્થ શહેર વિકાસ અને વેસ્ટઝોનને તબદીલ કરવામાં આવેલ. વેસ્ટઝોન તરફથી વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/ ૪૩૧ તા.૧૩–૧૦–૧૦ થી કાર્યપાલક ઈજનેર અઠવાઝોન, સેન્ટ્રલઝોન અને લીંબાયતઝોનને તબદીલ કરવામાં આવેલ. અઠવાઝોન તરફથી સા.વે.ઝોન/અઠવા/આ.નં.૭૯૦ તા.૧૫–૧૦–૧૦ થી સાયન્સ સેન્ટર કયુરેટરને મુદ્દા નં.૫ અંગે તબદીલ કરવામાં આવેલ. શહેર વિકાસ વિભાગ તરફથી પત્ર નં.ટીડીઓ/૩૩૭૦ તા.૨૫–૧૦–૧૦ થી અને ૩૨૧ તા.૨૭–૧૦–૧૦ થી મુદ્દા નં.૫ અંગે સાયન્સ સેન્ટરને તબદીલ કરવામાં આવેલ. સાયન્સ સેન્ટર તરફથી સા.સે./આ.નં.૭૧૯ તા.૧૫–૧૦–૧૦ થી મુદ્દા નં.૫ અંગે ટાઉન પ્લાનર ટાઉન પ્લાનીંગને તબદીલ કરવામાં આવેલ.

સાયન્સ સેન્ટર કયુરેટર તરફથી સા.સે./આ.નં.૭૫૮ તા.૩૧–૧૦–૧૦ થી કાર્યપાલક ઈજનેર ડ્રેનેજને મુદ્દા નં.૫ અંગે તબદીલ કરવામાં આવેલ. શહેર વિકાસ વિભાગ તરફથી પત્ર નં.ટીડીઓ/૩૫૦૪ તા.૩૦–૧૦–૧૦ થી કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલઝોનને મુદ્દા નં.૧ માટે તબદીલ કરવામાં આવેલ. ડ્રેનેજ વિભાગ તરફથી ડ્રેનેજ/આરટીઆઈ/જાવક/૩૧ તા.૨૦–૧૧–૧૦ થી સેન્ટ્રલઝોન તથા લીંબાયતઝોનને તબદીલ કરવામાં આવેલ. લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈઝોન/મહેકમ/આ.નં.૨૭૩૪ તા.૧૮–૧૦–૧૦ થી મધ્યસ્થ શહેર વિકાસ અને તલાટી સીટી મામલતદારને તબદીલ કરવામાં આવેલ. લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૨૭૮૯ તા.૨૦–૧૦–૧૦ થી કાર્યપાલક ઈજનેર સિંચાઈ વિભાગ અઠવા લાઈન્સને તબદીલ કરવામાં આવેલ. જે બાબતે મુદ્દા નં.૧ અંગે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/૧૧૩૭ તા.૧૧–૧૧–૧૦ થી અરજદારને માહિતી આપવામાં આવેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી મુદ્દા નં. ૩ અને ૪ અંગે પત્ર નં.સાઈ.ઝોન/મહેકમ/૨૮૦૫ તા.૨૫–૧૦–૧૦ થી માહિતી આપવામાં આવેલ છે. જયારે મુદ્દા નં.૫ અંગે જાહેર માહિતી અધિકારી સાયન્સ સેન્ટર તરફથી પત્ર નં.સીડીડી/એસસી/આ.નં.૨૨૭ તા.૪–૧૧–૧૦ થી માહિતી આપવામાં આવેલ છે. જે સંદર્ભે અરજદારે મુદ્દા નં.૧ માંગ્યા મુજબ આપવામાં આવ્યો નથી. મુદ્દા નં.૨,૪ ,૬ અને ૭ ની માહિતી આપવામાં આવેલ નથી. જયારે મુદ્દા નં.૩ અધૂરો આપવામાં આવેલ છે તેવું જણાવી તા.૧૮–૧૧–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. અરજીમાં અરજદાર તરફથી મુદ્દા નં.૧ સુરત શહેરની મધ્યમાં આવેલ રીંગરોડ પર ન્યુ આદર્શ માર્કેટ –૨ ની પાછળ કુબેરજીમાર્કેટ બનાવવામાં આવેલ છે જે માર્કેટનો પ્લાન પાસ કરેલ છે. કેટલા માળ અને કેટલી દુકાન બનાવવાની પરમીશન છે અને એ કુબેરજી માર્કેટની બાંધકામની ચોકસાઈ રાખનાર અધિકારી અને મંજુર કરેલ બિલ્ડીંગ કાયદેસર બંધાયેલ છે. તે રીપોર્ટ કરનાર અધિકારીનું નામ અને હોદ્દો અને હાલ નોકરી કયાં છે તે જણાવવુ.તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૧૩૭ તા.૧૧–૧૧–૧૦ થી " સુરત શહેરની મધ્યમાં આવેલ રીંગરોડ પર ન્યુ આદર્શ માર્કેટ–૨ ની પાછળ કુબેરજી માર્કેટ પૈકી ૪/૨૩૬૬/૧/બી/૨ અને ૩ વાળી મિલ્કતમાં અત્રેથી પ્લાન પાસ કરવામાં આવેલ છે. જે મુજબ ચાર માળ અને ૧૮ (અઢાર) દુકાનની પરમીશન આપવામાં આવેલ છે. બાંધકામની ચોકસાઈ રાખનાર અધિકારીઃ (૧) શ્રી ટી.જી. પટેલ (જુની. ઈજનેર) સે.ઝોન, શહેર વિકાસ શ્રી એ.એમ. દેસાઈ (એ.ટી.પી.) સે.ઝોન, શહેર વિકાસ (૨) શ્રી જે. એ. વ્યાસ (ડે.ઈજનેર) વરાછાઝોન/ શ્રી જે.આર. સોલંકી (ડે.ઈજનેર) સે.ઝોન (૩) શ્રી એન. કે. પરમાર (કાર્યપાલક ઈજનેર) સે.ઝોન " તેવું જણાવેલ છે. જેમાં અરજદારે અપીલમાં માંગ્યા મુજબ આપવામાં નથી આવ્યો તેવું જણાવેલ છે. પરંતુ તે અંગે કોઈ આધાર જણાવેલ નથી. જાહેર માહિતી અધિકારી તરફથી આપેલ જવાબમાં અરજદારે માંગેલ મુદ્દા નં.૧ ની માહિતીનો સમાવેશ થયેલ છે . વધુમાં આપેલ માહિતીના જણાવેલ ખાતાઓમાં તેઓની ફરજનો સમાવેશ પણ થયેલ છે. મુદ્દા નં. ૨ રીંગરોડ પર આવેલ રાહુલરાજ માર્કેટ જે આગળ બીગ બજારના નામથી ચાલતુ હતું શું રાહુલ રાજ માર્કેટ રીવાઈઝ પ્લાનની પરવાનગી લેવામાં આવી છે? એ માર્કેટમાં કુલ કેટલી દુકાનો પાસ કરવામાં આવેલ છે? રાહુલરાજ માર્કેટ બાંધકામની ચોકસાઈ રાખનાર અધિકારી અને મજકુર બિલ્ડીંગની કાયદેસર બંધાયેલ છે કે નહીં તે રીપોર્ટ કરનારનું નામ અને હોદ્દો જણાવશો. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને કોઈ માહિતી આપવામાં આવેલ નથી. તથા માહિતી ન આપવા અંગે કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ છે. મુદ્દા નં.૩ રાહુલરાજ માર્કેટની પાછળ અને લીંબાયતઝોનની પાછળ આવેલ ખાડીમાં રાહુલ રાજ માર્કેટ ધ્વારા પુરાણ કરેલ હતું જે પુરાણ કાઢી લેવામાં આવ્યું છે કે નહીં અને પુરાણ પહેલા ખાડીની લંબાઈ પહોળાઈ શું હતી અને પુરાણ બાદ શું છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૨૮૦૫ તા.૨૫–૧૦–૧૦ થી મુદ્દા નં.૩ માં રાહુલરાજ માર્કેટ ધ્વારા પોતાના ફાયનલ પ્લોટ પૈકીમાં કરવામાં આવેલ પુરાણની માટી ખાડીના કિનારા પૈકીની જગ્યામાંથી કાઢી લેવામાં આવેલ છે. વધુમાં ખાડીની લંબાઈ પહોળાઈ બાબતની માહિતી કાર્યપાલક ઈજનેર શ્રી સિંચાઈ વિભાગ નવા કોર્ટ બિલ્ડીંગ, એ.ડી.સી. ભવન અઠવા લાઈન્સ સુરતની કચેરીને લાગત બાબત હોઈ જવાબી કાર્યવાહી માટે અરજી તબદીલ કરવામાં આવેલ છે. જે બાબતે અરજદારે અપીલમાં અધૂરી માહિતી જણાવેલ છે. પરંતુ તેના આધાર જણાવેલ નથી. વધુમાં સદર મુદ્દાની અત્રેના સત્તા મંડળની આંશિક માહિતી આપવામાં આવેલ છે અને આંશિક માહિતી માટે અન્ય સત્તા મંડળને સા.ઈ.ઝોન/લીંબાયત/આ.નં.૨૭૮૯ તા.૨૧–૧૦–૧૦ થી કાર્યપાલક ઈજનેર સિંચાઈ વિભાગ કોર્ટ બિલ્ડીંગ સામે અઠવા લાઈન્સને અંશતઃ મુદ્દા નં.૩ અન્વયે તબદીલ કરવામાં આવેલ છે. મુદ્દા નં.૪ રાહુલરાજ માર્કેટ બાંધી રહયા છે લીંબાયતઝોનમાં માર્કેટના બાંધકામની ચોકસાઈ રાખનાર અધિકારીની વિગત આપવી અને મજકુર બિલ્ડીંગ કાયદેસર બંધાઈ રહે છે તે રીપોર્ટ કરનાર અધિકારીનું નામ આપવું. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૨૮૦૫ તા.૨૫–૧૦–૧૦ ના પત્રથી મુદ્દા નં.૪ અંગે મધ્યસ્થ શહેર વિકાસ અધિકારી સુરત મહાનગરપાલિકાને આ.નં.૨૭૩૪ તા.૧૮–૧૦–૧૦ થી તબદીલ કરવામાં આવેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને કોઈ માહિતી આપવામાં આવેલ નથી. તથા માહિતી ન આપવા અંગે કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ છે. મુદ્દા નં.૫ સીટી લાઈટ સાયન્સ સેન્ટરની અંદર હોટલને ભાડાથી આપવામાં આવેલ છે. જે કેટલા સ્કેવેર ફુટ ટોટલ છે અને સ્કેવેર ફુટનું શું ભાડુ વસુલવામાં આવી રહયા છે અને કેટલા વર્ષના ભાડા કરાર કરવામાં આવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સાયન્સ સેન્ટર તરફથી પત્ર નં.સીડીડી/એસસી/આ.નં.૨૨૭ તા.૪–૧૧–૧૦ થી " સીટી લાઈટ રોડ, સાયન્સ સેન્ટર ખાતે ભાડેથી આપવામાં આવેલ રેસ્ટોરન્ટનો વિસ્તાર ૬,૭૫૦ ચો. ફુટનો છે. અને રેસ્ટોરન્ટને સ્કેવેર ફીટના ધોરણે નહીં પરંતુ ૧૦ વર્ષની મુદત માટે વાર્ષિક રૂા.૧૯,૧૧,૧૧૧/– ના ભાડેથી આપવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારને કોઈ તકરાર નથી. મુદ્દા નં.૬ આંજણા ફાર્મ ફા.પ્લોટ ૯૬, ૯૭ ટીપી નં.૭ ની ઉપર બનાવવામાં આવી રહેલ બિલ્ડીંગ મંજુરકર બાંધકામની ચોકસાઈ રાખનાર અધિકારીની વિગત તથા મજકુર બિલ્ડીંગ કાયદેસર બંધાઈ રહેલ છે તે

રીપોર્ટ કરનાર અધિકારીનું. નામ અને હોદ્દો જણાવશો. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને કોઈ માહિતી આપવામાં આવેલ નથી. તથા માહિતી ન આપવા અંગે કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ છે. મુદ્દા નં.૭ આંજણા ફાર્મ ટીપી નં.૭ ફા.પ્લોટ નં.૯૬ ,૯૭ ની ૧૯૭૪ થી આજ સુધીના ૭/૧૨ ઉતારાની નકલ અને ૮/અ ના ઉતારા હકની નકલ આપવી. તે બાબતે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/આં.ન.૨૭૩૪ તા.૧૮–૧૦–૧૦ થી તલાટી સીટી મામલતદાર પનાસગામ સીટી લાઈટ રોડ, સુરતને તબદીલ કરવામાં આવેલ છે. જે તેમના તરફથી તા.૩૦–૧૦–૧૦ ના પત્રથી પરત કાર્યપાલક ઈજનેર લીંબાયતને અરજી પરત કરેલ છે. આરટીઆઈ એકટની કલમ–૬(૩) હેઠળ જો અરજીનું વિષય વસ્તુ તેમના કાર્યક્ષેત્રમાં આવતુ ન હોય તો તેમણે લાગત જાહેર સત્તા મંડળ કે જાહેર માહિતી અધિકારીને તબદીલ કરવી રહે. પરંતુ અરજી પરત કરવાની રહેતી નથી. જે અંગે અરજદાર લાગત જાહેર સત્તા મંડળના અપીલ અધિકારી કક્ષાએ દાદ માગવા સ્વતંત્ર છે. મુદ્દા નં.૩ પણ અત્રેના જાહેર સત્તા મંડળ બહાર તબદીલ થયેલ હોઈ તેની તકરાર અંગે અરજદારે તબદીલ થયેલ સક્ષમ સત્તાના અપીલ અધિકારી કક્ષાએ દાદ માંગવી રહે. આંશિક માહિતી અત્રેના જાહેર માહિતી અધિકારીએ આપેલ જણાય છે. મુદ્દા નં.૧ જાહેર માહિતી અધિકારીએ માહિતી દફતરી વિગતે આપેલ જણાય છે. જેથી મુદ્દા નં.૨,૪ અને ૬ પૂરતી અરજદારની તકરારને સ્થાન છે. જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ તરફથી મુદ્દા નં.૧ અને ૫ માટે અરજીઓની તબદીલી કરેલ છે. પરંતુ ૨,૪ કે ૬ અંગે કોઈ તબદીલી સ્પષ્ટ મુદ્દા સહ કરેલ નથી કે માહિતી પણ આપેલ જણાતી નથી કે ઈન્કાર માટે કોઈ અપવાદ જણાવેલ નથી. મુદ્દા નં.૧ અને ૫ અંગે પુનરાવર્તિત તબદીલી થયેલ છે. પરંતુ સમય મર્યાદામાં માહિતી અપાયાનું જણાય છે. વધુમાં મુદ્દા નં.૨ અને ૬ માટે ૫ ણ મધ્યસ્થ શહેર વિકાસ અધિકારી સુરત મહાનગરપાલિકાનેનં.સા.ઈ.ઝોન/મહેકમ/આં.ન.૨૭૩૪ તા.૧૮–૧૦–૧૦ થી તબદીલ કરવામાં આવેલ છે. આમ અરજદારને મુદ્દા નં.૨,૪ અને ૬ ની માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ જણાતી નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૨–૧૦–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી મુદ્દા નં.૨,૪ અને ૬ અંગે જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પડાયેલી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ શહેર વિકાસ)ને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૨–૧૦

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન),ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન),ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ શહેર વિકાસ)...જાણ તથા અમલ માટે .
(૨) જાહેર માહિતી અધિકારી સીટી તલાટી આંજણા/ કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સિંચાઈ).... જાણ માટે.
(૩) શ્રી પિંકલ પી. ધીવાલા